Marengo CIMS Hospital

# CIMS NEWS
# CARE & CURE

Price : ₹ 5/-

Volume-15 | Issue-167 | June 25, 2024



CIMS NEWS CARE & CURE

Volume-15 | Issue-167 | June 25, 2024

Marengo CIMS Hospital

# પેસમેકર



ડૉ. હિરેન કેવડીયા

MBBS, MD (Medicine), DM Cardiology (Sree Chitra, Trivandrum) Fellow in Pacing & Cardiac Electrophysiology) (Sree Chitra, Trivandrum)
Cardiac Electrophysiologist Specialist in Cardiac Arrhythmias & Heart Failure

+91-98254 65205
hiren.kevadiya@marengoasia.com

સામાન્ય રીતે, ઈલેક્ટ્રિક કરંટ હૃદયના જમણા કર્ણક ની ટોચ પરના SA નોડ (કુદરતી પેસમેકર) માં શરૂ થાય છે અને પછી AV નોડ (ઈલેક્ટ્રિક વાયર) દ્વારા હૃદયના નીચલા ચેમ્બર ના સ્નાયુ માં જાય છે અને સામાન્ય ધબકારા નું કારણ બને છે.આ કુદરતી ઈલેક્ટ્રિક કરંટ હૃદય ને સામાન્ય લય માં પંપ કરવામાં મદદ કરે છે. આ ઈલેક્ટ્રિક સિસ્ટમ (SA નોડ, AV નોડ, ઈલેક્ટ્રિક વાયર) ના કોઈપણ ભાગમાં સમસ્યા ધીમા ધબકારાનું કારણ બની શકે છે.

### પેસમેકર શું છે?

કૃત્રિમ પેસમેકર એ નાનું મશીન છે જે હૃદયના ઈલેક્ટ્રિક કરંટ ને સુધારવા અને ધીમા ધબકારા અટકાવવા માટે, કોલરબોન ની નીચે છાતી ના ઉપર ના ભાગ માં મુકવામાં આવે છે.પેસમેકર નું કદ નાનું હોવા છતાં, પેસમેકર માં મેમરી અને ઈલેક્ટ્રિકલ સર્કિટ સાથેનું કમ્પ્યુટર, એક શક્તિશાળી બેટરી અને "લીડ્સ" તરીકે ઓળખાતા વિશિષ્ટ વાયર હોય છે.પેસમેકર પલ્સ જનરેટર ઈલેક્ટ્રિક કરંટ બનાવે છે જે લીડ્સ (વિશિષ્ટ વાયર) દ્વારા હૃદયના સ્નાયુ સુધી પહોંચાડવા માં આવે છે.

પેસમેકર મુકવા માટે ઓપન-હાર્ટ સર્જરી ની જરૂર પડતી નથી અને પ્રક્રિયામાં સામાન્ય રીતે માત્ર બે કલાકનો સમય લાગે છે.

પેસમેકર પલ્સ જનરેટર ને ચામડી ની નીચે મુકવામાં આવે છે.લીડ્સ (વિશિષ્ટ વાયર) સામાન્ય રીતે નસ માં મૂકવામાં આવે છે,અને પછી એક્સ-રે ની મદદથી હૃદયમાં ખસેડવામાં આવે છે.લીડ્સ વાયર એક છેડે હૃદયના સ્નાયુ ને સ્પર્શે છે અને બીજા છેડે પેસમેકર પલ્સ જનરેટર સાથે જોડાયેલું હોય છે. પેસમેકર હૃદયને ઈલેક્ટ્રિક સિગ્નલ મોકલવા માટે પ્રોગ્રામ કરેલું હોય છે.પલ્સ જનરેટર માં બેટરી સામાન્ય રીતે 8-10 વર્ષ સુધી ચાલે છે.

### પેસમેકર સિસ્ટમ ના ભાગો

પલ્સ જનરેટર (પેસમેકર મશીન): તે એક નાનું મેટલ બોક્સ છે જેમાં સર્કિટ અને બેટરી સાથે કોમ્પ્યુટર સિસ્ટમ હોય છે. લીડ્સ (વિશિષ્ટ વાયર): લીડ્સ એ ખાસ વાયર છે જે પલ્સ જનરેટર ને હૃદયના સ્નાયુ સાથે જોડે છે. પલ્સ જનરેટર માંથી ઈલેક્ટ્રિક કરંટ આ ખાસ વાયરો દ્વારા હૃદયના સ્નાયુ સુધી પહોંચે છે.

### પેસમેકર ના પ્રકાર

સિંગલ ચેમ્બર પેસમેકર (AAI, VVI): તેમાં એક વાયર હોય છે જે ઉપલા ચેમ્બર (જમણા કર્ણક) અથવા નીચલા ચેમ્બર (જમણા વેન્ટ્રિકલ) માં મૂકવામાં આવે છે.

ડબલ ચેમ્બર પેસમેકર (DDD): તેમાં બે વાયર હોય છે, એક ઉપલા ચેમ્બર (જમણા કર્ણક) અને બીજો નીચલા ચેમ્બર (જમણા વેન્ટ્રિકલ) માં મૂકવામાં આવે છે. બાયવેન્ટ્રિક્યુલર પેસમેકર (CRT): તેમાં ત્રણ વાયર હોય છે, એક ઉપલા ચેમ્બર (જમણા કર્ણક), બીજો નીચલા ચેમ્બર (જમણા વેન્ટ્રિકલ) અને ત્રીજો નીચલા ચેમ્બર (ડાબા વેન્ટ્રિકલ) માં મૂકવામાં આવે છે. આ વધુ જટિલ પેસમેકર છે જેને CRT કહેવામાં આવે છે, અને તેનો ઉપયોગ હાર્ટ ફેઈલ્યોર વાળા દર્દીઓ માં હૃદય ના પમ્પિંગ ને સુધારવા માટે થાય છે.

### પેસમેકર નો ઉપયોગ ક્યારે થાય છે?

બ્રેડીકાર્ડિયા: હૃદયના ધીમા ધબકારા જેના કારણે થાક, ચક્કર અથવા બેહોશ થવા જેવા લક્ષણો થાય છે. હાર્ટ ફેઈલ્યોર: હાર્ટ ફેઈલ્યોર ના દર્દીઓને પમ્પિંગ માં ઘટાડો સાથે ઈલેક્ટ્રિક કરંટ માં સમસ્યા (LBBB) હોઈ શકે છે જે હાર્ટ ફેઈલ્યોર ના લક્ષણો ને વધારી શકે છે. હૃદય ના ઈલેક્ટ્રિક કરંટ ની સમસ્યા (LBBB)ને સુધારવા માટે ખાસ પેસમેકર પ્રોગ્રામ કરી શકાય છે જે હૃદયના સ્નાયુ ના સંકોચન ના બળ ને વધારી શકે છે. આને "બાયવેન્ટ્રિક્યુલર પેસમેકર" અથવા "CRT" થેરાપી કહેવામાં આવે છે.

### પેસમેકર મુકવા ની જરૂર શા માટે છે?

હૃદયના અસામાન્ય ધીમા ધબકારા જેના કારણે થાક, ચક્કર, શ્વાસ લેવામાં તકલીફ અથવા બેહોશ થવા જેવા લક્ષણો થાય છે, તો તમારે પેસમેકર ની જરૂર પડી શકે છે.

### જ્યારે પેસમેકર ની બેટરી ઓછી થઈ જાય ત્યારે શું કરવા નું હોય છે?

પેસમેકર ની બેટરી સામાન્ય રીતે આઠ થી દસ વર્ષ સુધી ચાલે છે. ડોક્ટર દરેક ફોલો-અપ મુલાકાત વખતે બેટરી તપાસે છે. -જ્યારે બેટરી નું વૉલ્ટેજ ઓછું થાય છે, ત્યારે પેસમેકર પલ્સ જનરેટર ને બદલવું પડશે.

### પેસમેકર રાખવા ના ફાયદા શું છે?

પેસમેકર હૃદયના ધબકારા અને લય નું સતત નિરીક્ષણ કરે છે અને જ્યારે હૃદય ધબકતું નથી અથવા ખૂબ ધીમી ગતિએ ધબકે છે ત્યારે ઈલેક્ટ્રિક કરંટ સપ્લાય કરે છે. દર્દીઓને થાક, ચક્કર, શ્વાસ લેવામાં તકલીફ અથવા બેહોશ થવા જેવા લક્ષણો થી રાહત મળે છે. પેસમેકર લોકોને સ્વસ્થ જીવનનો આનંદ માણવામાં મદદ કરી શકે છે.

### પેસમેકર રાખવા ના જોખમો શું છે?

પેસમેકર રાખવા ની સર્જરી એ 99% સલામત હોય છે. કોઈપણ સર્જરી ની જેમ કેટલાક જોખમો છે. સામાન્ય રીતે 1% દર્દીઓ માં સામાન્ય તકલીફ થઈ શકે છે. આ તકલીફ ને સામાન્ય રીતે સુધારી શકાય છે અથવા ઉપચાર કરી શકાય છે.

### પેસમેકર સર્જરી કેવી હશે?

પેસમેકર સર્જરી એ સામાન્ય પ્રકારની સર્જરી છે. મોટાભાગના "કિસ્સાઓમાં, ઓપરેશન માં એક થી બે કલાકનો સમય લાગે છે, અને દર્દી ને 2 દિવસ સુધી

હોસ્પિટલમાં દાખલ રાખવામાં આવે.

**પેસમેકર સર્જરી ના દિવસે શું કરવામાં આવે છે?**

સર્જરી ના દિવસે તમને ઓપરેશન રૂમમાં લઈ જવામાં આવશે જ્યાં એક નર્સ તમારી છાતી ના ઉપરના ભાગમાં બીટાડીન સ્ક્રબ કરશે. તમારા શરીર પર ECG ઈલેક્ટ્રોડ મૂકવામાં આવશે. મોટાભાગના દર્દીઓ ઓપરેશન દરમિયાન જાગતા રહે છે, અને પેસમેકર જ્યાં મૂકવામાં આવશે તે જગ્યા ને LOCAL એનેસ્થેટિક ઈન્જેકશન થી બહેરું કરવામાં આવે છે.

**પેસમેકર સર્જરી દરમિયાન શું કરવામાં આવે છે?**

છાતી ની ત્વચા ને એનેસ્થેટિક ઈન્જેકશન થી સુન્ન કર્યા પછી, ડૉક્ટર ત્વચા માંથી લગભગ ત્રણ થી ચાર સેન્ટિમીટર લાંબો કટ કરે છે. ડૉક્ટર એક્સ-રે નો ઉપયોગ કરીને ચામડી ની નીચે પેસમેકર ને ફીટ કરે છે અને તેને લીડ્સ સાથે જોડે છે. પેસમેકર યોગ્ય રીતે કામ કરી રહ્યું છે તેની ખાતરી કરવા માટે તેનું પરીક્ષણ કરવામાં આવે છે.

**પેસમેકર સર્જરી પછી શું કરવામાં આવે છે?**

દર્દીને રૂમમાં લઈ જવામાં આવશે જ્યાં નર્સ તમારી સંભાળ રાખશે. જો દર્દીને જરૂર હોય તો તેને દર્દની દવા આપવામાં આવશે. પાછળથી, ડૉક્ટર અથવા ચિકિત્સક પેસમેકર યોગ્ય રીતે કામ કરી રહ્યું છે તેની ખાતરી કરવા પરીક્ષણ કરશે.

**જ્યારે હું હોસ્પિટલ માંથી ઘરે પહોંચીશ ત્યારે શું કરવાનું થશે?**

- પેસમેકર જગ્યા ની ત્વચા ને સ્વચ્છ અને સૂકી રાખો.
- સ્નાન અને ડ્રેસિંગ વિશેની સૂચનાઓ નું પાલન કરો.
- હાથ નો માત્ર હળવા કામ માટે ઉપયોગ કરો.
- સ્ટ્રેચિંગ અને અચાનક, આંચકાજનક હલનચલન ટાળો.
- થોડા સમય પછી તમારા હાથનો ઉપયોગ વધારવો.
- પેશન્ટ આઈડેન્ટિફિકેશન કાર્ડ હંમેશા તમારી સાથે રાખો.
- તમારા ડૉક્ટર ની સૂચનાઓનું પાલન કરો

**પેસમેકર સર્જરી પછી કેટલી વાર ફોલો-અપ ની જરૂર છે?**

પેસમેકર સર્જરી પછી નજીક ના સમયમાં તમને ડૉક્ટર ની મુલાકાત લેવા માટે કહેવામાં આવશે. આ ખૂબ જ મહત્વપૂર્ણ મુલાકાત છે, અને તે તમારા ચિકિત્સકને ખાતરી કરવા દે છે કે તમારું પેસમેકર યોગ્ય રીતે કાર્ય કરી રહ્યું છે. તમારા ડૉક્ટર પેસમેકર જગ્યા ની ત્વચા ને પણ તપાસવા માંગશે.

**ફોલો-અપ મુલાકાત દરમિયાન શું થાય છે?**

ફોલો-અપ તપાસ માં સામાન્ય રીતે અડધા કલાકથી ઓછો સમય લાગે છે. ECG, પેસમેકર નું કાર્ય અને બેટરી ની સ્થિતિ તપાસવામાં આવશે.

**હું મારા નિયમિત જીવનમાં ક્યારે પાછો આવી શકું?**

તમે તમારી સામાન્ય રોજિંદા પ્રવૃત્તિઓ પર પાછા ફરો તે પહેલાં તમારો પેસમેકર સર્જરી ઘા સંપૂર્ણપણે રૂઝાયેલો હોવો જોઈએ. તમારા ડૉક્ટર સાથે વાત કરો કે તમે કેટલી જલ્દી કામ પર પાછા આવી શકો છો, તમારી કાર ચલાવી શકો છો, કસરત કરવાનું શરૂ કરી શકો છો અથવા પ્રવાસ પર જઈ શકો છો.

**પેસમેકર ઓળખ કાર્ડ શું છે?**

આ કાર્ડ દરેક વ્યક્તિને જણાવે છે કે તમારી પાસે પેસમેકર છે. તેમાં પેસમેકર ના પ્રકાર અને અન્ય મહત્વપૂર્ણ માહિતી છે. તેને દરેક સમયે તમારી સાથે રાખો.

**શું પેસમેકર સર્જરી પછી શારીરિક પ્રવૃત્તિ માં જોડાવું સલામત છે?**

પેસમેકર સામાન્ય રીતે દર્દી ના જાતીય જીવન પર કોઈ પ્રતિકૂળ અસર કરતું નથી. કોઈપણ શારીરિક પ્રવૃત્તિ ક્યારે ફરી શરૂ કરવી તે માટે તમારા ડૉક્ટર ની સલાહને અનુસરવી મહત્વપૂર્ણ છે. તમને સામાન્ય જીવન જીવવામાં મદદ કરવા માટે પેસમેકર મુકવામાં આવે છે. મોટાભાગના લોકોની પ્રવૃત્તિ પર કોઈ નિયંત્રણો નહીં હોય.

**પેસમેકર સર્જરી પછી MRI વિશે શું?**

MRI સ્કેન એ એક મોટું મશીન છે જે ખૂબ જ મજબૂત ચુંબકીય દળો પેદા કરે છે જે તમારા પેસમેકર જેવા લગભગ તમામ મેટાલિક ઉપકરણો માટે જોખમી બની શકે છે. જો કે, હાલમાં ઉપયોગમાં લેવાતા પેસમેકર માં MR કન્ડિશનલ પેસિંગ સિસ્ટમ હોય છે. જો આ MR કન્ડિશનલ પેસમેકર સિસ્ટમ મુકવામાં આવી હોય, તો ચોક્કસ સંજોગોમાં તમે MRI સ્કેન કરાવી શકો છો.

**પેસમેકર સર્જરી પછી કયા વિદ્યુત ઉપકરણો વાપરવા સલામત છે?**

મોટાભાગના ઘરનાં ઉપકરણો વાપરવા સલામત છે. આમાં બ્લેન્ડર, ટોસ્ટર, ઇલેક્ટ્રિક સ્ટવ, ટેલિવિઝન, અને પંખા નો સમાવેશ થાય છે. ઓફિસ સાધનો અને મોટાભાગના તબીબી સાધનો પણ વાપરવા સલામત છે. એક્સ-રે, અલ્ટ્રાસાઉન્ડ, સીટી સ્કેન, મેમોગ્રાફી અને ફ્લોરોસ્કોપી દરમિયાન પેસમેકર યોગ્ય રીતે કામ કરશે.

**શું એરપોર્ટ ની સુરક્ષા સિસ્ટમ મારા ઉપકરણમાં દખલ કરશે?**

ખરેખર ચિંતા કરવાની કોઈ જરૂર નથી. જ્યારે તમે એરપોર્ટ સિક્યુરિટી પર પહોંચો ત્યારે મેટલ ડિટેક્ટર માંથી સામાન્ય ગતિએ ચાલવું. જો એલાર્મ વાગે છે, તો તેનો અર્થ માત્ર એ છે કે સિસ્ટમે તમારા ઉપકરણમાં ધાતુ શોધી કાઢી છે. ફક્ત તમારું ઓળખ કાર્ડ બતાવો.

**શું સેલ્યુલર ફોન મારા પેસમેકર માં દખલ કરશે?**

સેલ્યુલર ફોન, જે ઈલેક્ટ્રોમેગ્નેટિક સિગ્નલ મોકલે છે, તે ઉપકરણની યોગ્ય કામગીરી માં દખલ કરી શકે છે. તમારા સેલ્યુલર ફોન ને તમારા પેસમેકર થી ઓછામાં ઓછા 6 ઇંચ (15 સેમી) દૂર રાખો. પેસમેકર ની વિરુદ્ધ બાજુએ તમારા કાન પાસે સેલ્યુલર ફોન ને પકડી રાખો. શર્ટ ના ખિસ્સામાં સેલ્યુલર ફોન ન રાખો.

**પેસમેકર ક્લિનિક શું છે અને તેમાં નિયમિત હાજરી આપવી જોઈએ?**

પેસમેકર ક્લિનિક એ એક ખાસ OPD છે જેમાં પેસમેકર દર્દીઓને તપાસવાની સુવિધા છે. તમારા પેસમેકર ની નિયમિત તપાસ થવી જોઈએ અને તમને જરૂર મુજબ પેસમેકર ક્લિનિક માં જવાની સલાહ આપવામાં આવશે. તમને વર્ષમાં ઓછામાં ઓછા એક વખત જોવામાં આવશે અને જો જરૂરી હોય તો વધુ વખત હાજરી આપવા માટે કહેવામાં આવી શકે છે. દરેક ક્લિનિક ની મુલાકાત દરમિયાન, નિષ્ણાત ખાસ પ્રોગ્રામર મશીન નો ઉપયોગ કરીને તમારા પેસમેકર ની તપાસ કરશે. આ પ્રોગ્રામર મશીન તમારા પેસમેકર ના સેટિંગ્સ અને બેટરી ની તપાસ કરી આપશે. પેસમેકર ને તમારા હૃદય સાથે જોડતા લીડ્સ (વિશિષ્ટ વાયર) ના કાર્યનું મૂલ્યાંકન પણ કરવામાં આવે છે.

CIMS NEWS CARE & CURE
Volume-15 | Issue-167 | June 25, 2024

Marengo CIMS Hospital

# મિનિમલી ઈન્વેસિવ હાર્ટ સર્જરી શું છે?



ડૉ. અમિત ચંદન
MBBS, DNB (CTS)
Consultant Cardiovascular and Thoracic Surgeon, Minimal Invasive Cardiac Surgeon & Heart Transplant Surgeon

+91 96990 84097
amit.chandan@marengoasia.com

**મિનિમલી ઈન્વેસિવ હાર્ટ સર્જરી શું છે?**

મિનિમલી ઈન્વેસિવ હાર્ટ સર્જરી એ એક અથવા વધુ નાના કાપ (ચીરા) દ્વારા કરવામાં આવતી હૃદયની પ્રોસિજર્સ માટેનો શબ્દ છે. તેનાથી વિપરીત, ઓપન-હાર્ટ સર્જરીમાં, ઓપરેશન સામાન્ય રીતે તમારી છાતીમાં લાંબા ચીરા દ્વારા કરવામાં આવે છે.

સર્જન ચીરા દ્વારા નાના, હાઈ પાવર કેમેરા અથવા રોબોટિક આર્મ્સ દાખલ કરે છે. સર્જન તમારા હૃદય સુધી પહોંચવા માટે તમારી પાંસળી વચ્ચે સાધનો દાખલ કરે છે. મિનિમલી ઈન્વેસિવ ઓપન હાર્ટ સર્જરી કરતાં ઓછા ડાઘ, ઓછો દુખાવો અને ઝડપી સારવાર પ્રદાન કરી શકે છે. ઓપન-હાર્ટ સર્જરીમાં સામાન્ય રીતે તમારા હૃદય સુધી પહોંચવા માટે તમારા સ્તનના હાડકા (સ્ટર્નમ)ને કાપવાનો સમાવેશ થાય છે.

મિનિમલ ઈન્વેસિવ હાર્ટ સર્જરીનો ઉપયોગ શેના માટે થાય છે?

**સર્જરીઓ જે મિનિમલ ઈન્વેસિવ રીતે કરી શકાય છે:**

• CABG • મીટ્રલ વાલ્વ રિપેર/રિપ્લેસમેન્ટ સર્જરી
• એઓર્ટિક વાલ્વ રિપ્લેસમેન્ટ • ASD • LA માયક્સોમા
• HOCM • વેન્ટ્રિક્યુલર પેસિંગ લીડ • હાઈબ્રિડ સર્જરી
• રોબોટિક કોરોનરી સર્જરી

**મિનિમલ ઈન્વેસિવ હાર્ટ સર્જરીના ફાયદા શું છે?**

• નાનો ચીરો/ નિશાન • ઓછો દુખાવો • જલ્દી રિકવરી
• હોસ્પિટલમાં ઓછું રોકાણ • કામ અને રોજિંદા જીવન જલ્દી ફરી શરુ કરી શકવું • બહેતર કોસ્મેટિક દેખાવ

**શું મિનિમલી ઈન્વેસિવે હાર્ટ સર્જરી સુરક્ષિત છે?**

હા. કોઈપણ પ્રકારની સર્જરીમાં કોમ્પ્લિકેશનનું જોખમ રહેલું છે. જો કે, મિનિમલી ઈન્વેસિવ સર્જરીઓમાં ઘણીવાર ઓપન પ્રોસીજર્સ કરતાં ઓછી જટિલતા દર હોય છે.

**શું બધા દર્દીઓ માટે મિનિમલી ઈન્વેસિવ હાર્ટ સર્જરી શક્ય હોય છે?**

મિનિમલી ઈન્વેસિવ હાર્ટ સર્જરી દરેક માટે શક્ય હોતી નથી. કોઈ વ્યક્તિને મિનિમલ ઇનવેસ્ટિવ સર્જરી માટે અથવા ઓપન-હાર્ટ સર્જરી માટે સંદર્ભિત કરવો જોઈએ કે કેમ તે નક્કી કરવાનું ડૉક્ટર પર હોય છે. પરિબળોની વિશાળ શ્રેણીની તપાસ કર્યા પછી નિર્ણય લેવામાં આવે છે - જેમ કે દર્દીનું સ્વાસ્થ્ય, કઈ સ્થિતિ માટે તેઓનું ઓપરેશન કરવામાં આવી રહ્યું છે, તેમના સ્વાસ્થ્યનો ઈતિહાસ, વગેરે. જે ધ્યાનમાં લેવાની જરૂર છે તે એ છે કે મિનિમલી ઈન્વેસિવ હાર્ટ સર્જરી ખૂબ જટિલ હોય છે. મિનિમલી ઈન્વેસિવ કાર્ડિયાક સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે પ્રોસિઝર્સ પ્રશિક્ષિત નિષ્ણાતોની જરૂર પડે છે.

**હાઈબ્રિડ સર્જરી એટલે શું?**


હાઈબ્રિડ પ્રોસિજરોમાં, મિનિમલી ઈન્વેસિવ CABG ડાબી કોરોનરી સિસ્ટમ અને એન્જીયોપ્લાસ્ટીથી જમણી કોરોનરી ધમનીમાં કરવામાં આવે છે. ડાબી બાજુના કોરોનરીના ઘા વાળા દર્દીઓમાં હાઈબ્રિડ પ્રોસિજરની પસંદગી માટેનો તર્ક એ છે કે આ પ્રોસિજર માટે યોગ્ય એવા દર્દીઓને LIMA-LAD કલમ (ગ્રાફ્ટ)ની મદદથી લાંબા સમય સુધી સ્વસ્થ જીવન જીવી શકાય છે. કેટલાક કિસ્સાઓમાં દર્દીને વાલ્વ રિપેર અથવા રિપ્લેસમેન્ટની જરૂર હોય છે અને તેને કોરોનરીમાં સ્ટેનોસિસ હોય છે, તે ઓછામાં ઓછી મિનિમલ ઈન્વેસિવ વાલ્વ પ્રોસિજર અને સ્ટેનોઝ્ડ વેસલની એન્જીયોપ્લાસ્ટી કરવી શક્ય છે.

**રોબોટિક કાર્ડિયાક સર્જરી શું છે?**

રોબોટિક કાર્ડિયાક સર્જરી એ મિનિમલ ઈન્વેસિવ સર્જિકલ અભિગમ છે જે જટિલ કાર્ડિયાક પ્રોસિજરો કરવા માટે રોબોટિક સિસ્ટમનો ઉપયોગ કરે છે. છાતીમાં મોટા ચીરાને બદલે, હૃદય સુધી પહોંચવા માટે ઘણા નાના કીહોલ ચીરા કરવામાં આવે છે. આ ચીરા સામાન્ય રીતે 1-2 સેન્ટિમીટરની વચ્ચે હોય છે. એક વિશિષ્ટ રોબોટિક સર્જિકલ સિસ્ટમ દર્દીની નજીક સ્થિત છે. સર્જન ઓપરેટિંગ રૂમમાં કન્સોલમાંથી રોબોટિક આર્મ્સને નિયંત્રિત કરે છે. રોબોટિક આર્મ્સમાં વિશિષ્ટ સર્જિકલ સાધનો અને એક નાનો કેમેરા છે, જે સર્જિકલ સાઇટનું હાઇ-ડેફિનેશન, 3D વિઝ્યુલાઇઝેશન પ્રદાન કરે છે. રોબોટિક કાર્ડિયાક સર્જરી ઘણીવાર હોસ્પિટલમાં ટૂંકા રોકાણ, ઓપરેશન પછીનો ઓછું દર્દ ચેપનું જોખમ ઓછું અને ઝડપી રિકવરી સમયમાં પરિણમે છે.

**મિનિમલી ઈન્વેસિવ હાર્ટ સર્જરી પછી શું અપેક્ષા રાખવી?**

મિનિમલી ઈન્વેસિવ કાર્ડિયાક સર્જરી પછી, તમારું સામાન્ય જીવનમાં પાછા ફરવું ખૂબ જ ઝડપથી થશે. આ સર્જરીથી તમારા જીવનની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થશે અને તમારા લક્ષણોમાં ઘટાડો કરશે. ખાતરી કરો કે તમે તમારી રોજબરોજની પ્રવૃત્તિઓ જેમ કે કામ કરવા, કસરત કરવા અથવા ડ્રાઇવિંગ કરવા સંબંધિત તમારા ડૉક્ટરની સલાહનું પાલન કરો છો.



Volume-15 | Issue-167 | June 25, 2024

Marengo CIMS Hospital

JCI (USA)

ONE HEART
ONE LIFE
ONE DESTINATION
CARDIAC SCIENCE
MARENGO CIMS HOSPITAL

# મૈરિંગો સિમ્સ હોસ્પિટલ
## ટ્રાન્સપ્લાન્ટમાં ભારતભરમાં અગ્રેસર

# 52 મું હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ



## ધબકતું હૃદય અને જિંદગીની અમૂલ્ય ભેટ આપનાર દરેક ડોનરને દિલથી સલામ !

### ભારતની સૌથી વિશાળ હાર્ટ કેર નિષ્ણાંતોમાંની એક ટીમ

**કાર્ડિયોથોરાસિક અને વાસ્ક્યુલર સર્જન્સ/ હાર્ટ એન્ડ લંગ ટ્રાન્સપ્લાન સર્જન્સ**

ડો. ધીરેન શાહ (ડિરેક્ટર) | ડો. ધવલ નાયક | ડૉ. અમિત ચંદન | ડો. કિશોર ગુપ્તા | ડો. નિકુંજ વ્યાસ | ડો. શૌનક શાહ | ડૉ. પ્રણવ મોદી

**હાર્ટ ફેલ્યોર અને ટ્રાન્સપ્લાન્ટ કાર્ડિયોલોજિસ્ટ્સ**

ડો. તેજસ વી. પટેલ | ડૉ. સત્ય ગુપ્તા | ડો. ઉર્મિલ શાહ | ડો. અનીશ ચંદારાણા | ડો. કેયુર પરીખ | ડો. મિલન ચગ | ડો. અજય નાયક | ડો. હેમાંગ બક્ષી | ડો. હિરેન કેવડીયા | ડો. વિપુલ કપૂર | ડો. કશ્યપ શેઠ

**હાર્ટ એન્ડ લંગ ટ્રાન્સપ્લાન્ટ એનેસ્થેસિયોલોજિસ્ટ એન્ડ ઈન્ટેન્સિવિસ્ટ**

ડો. નિરેન ભાવસાર | ડો. હિરેન ધોળકિયા | ડો. ચિંતન શેઠ

Volume-15 | Issue-167 | June 25, 2024

Marengo CIMS Hospital

એક હૃદય

એક જીવન એક મંઝિલ

કાર્ડિયાક સાઇન્સ
મૈરિંગો સિમ્સ હોસ્પિટલ

# 1st નોન-સર્જિકલ ડબલ વાલ્વ રિપ્લેસમેન્ટ




## મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદ

**TMVR+TAVR** રોગગ્રસ્ત વાલ્વ બદલવા માટેની સર્જરી

## મૈરિંગો સિમ્સ હોસ્પિટલમાં

# સ્પાઇરલ કેથેટર (Medtronic) દ્વારા ગુજરાતની પ્રથમ RDN થેરાપી



**2014થી RDN પ્રોસિજરમાં બહોળા અનુભવ સાથે ભારતમાં પ્રથમ માંથી એક**

પ્રતિરોધક હાઈ બ્લડ પ્રેશર (જે દવાઓથી ઓછું થતું નથી), માટે મિનિમલી ઈન્વેસિવ પ્રોસિજર જે કિડનીમાં ચેતાઓની ગતિવિધિ ઘટાડવા માટે રેડિયો ફ્રીક્વન્સીનો ઉપયોગ કરે છે, જેથી બ્લડ પ્રેશરમાં નોંધપાત્ર ઘટાડો થાય છે.

**Marengo CIMS Hospital**
Off. Science City Road, Sola, Ahmedabad - 380060
Email: marengocims.info@marengoaisa.com

JCI (USA) ACC

For emergency or appointment,
**1800 309 9999**

# CIMS NEWS CARE & CURE

Volume-15 | Issue-167 | June 25, 2024


Marengo CIMS Hospital

## મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદમાં

# કેશલેસ સેવાઓ

## હવે ઉપલબ્ધ



**જોઈન્ટ કમિશન ઈન્ટરનેશનલ માન્યતા પ્રાપ્ત**

**અમદાવાદ શહેરની એક માત્ર મલ્ટી-સ્પેશ્યાલીટી હોસ્પિટલ**

## કેશલેસ ઈન્સ્યોરન્સ I થર્ડ પાર્ટી એડમિનિસ્ટ્રેટર (TPA) I પબ્લિક સેક્ટર અંડરટેકીંગ (PSU)

### ઇન્શ્યોરન્સ કંપનીઓ

- ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ
- નેશનલ ઇન્શ્યોરન્સ
- યુનાઈટેડ ઈન્ડિયા ઇન્શ્યોરન્સ
- ઓરિયેન્ટલ ઇન્શ્યોરન્સ

### ટી.પી.એ. (TPA)

- અલંકિત હેલ્થ કેર
- અનમોલ મેડીકેર
- અન્યુતા હેલ્થકેર
- ઈસ્ટ વેસ્ટ આસિસ્ટ
- એરિક્સન હેલ્થેકર
- ફેમિલી હેલ્થ પ્લાન
- ફોકસ હેલ્થસર્વિસ
- જેનિસ ઈન્ડિયા
- ગુડ હેલ્થ પ્લાન
- ગ્રાન્ડ હેલ્થકેર સર્વિસ
- હેપ્પી ઈન્સ્યોરન્સ
- હેલ્થ ઈન્ડિયા
- હેલ્થ ઈન્સ્યોરન્સ
- હેરિટેઝ હેલ્થ
- એમડી ઈન્ડિયા હેલ્થકેર
- મેડ સેવ હેલ્થ કેર
- મેડી આસિસ્ટ ઈન્ડિયા
- મેડએડવાન્ટેજ ઈન્સ્યોરન્સ
- પાર્ક મેડીક્લેમ
- પેરામાઉન્ડ હેલ્થ સર્વિસ
- રક્ષા હેલ્થ ઈન્સ્યોરન્સ
- રોથશિલ્ડ હેલ્થકેર
- સેફ્વે હેલ્થકેર
- સ્પૂર્થી મેડિટેક
- શ્રી ગોકુલમ હેલ્થ સર્વિસીસ
- વિડાલ હેલ્થ
- વિપુલ મેડ કોર્પ

### પ્રાઈવેટ ઈન્શ્યોરન્સ

- આદિત્ય બિરલા હેલ્થ
- બજાજ આલિયાન્ઝ
- ચોલા MS
- મનિપાલ સિગ્ના
- ડીએચએફએલ
- એડલ વાઇસ
- ગો ડિજીટ
- એચડીએફસી અર્ગો
- ICICI લોમ્બાર્ડ
- ઇફ્કો ટોકિયો
- ઇન્ડિયા ફર્સ્ટ લાઈફ ઇન્શ્યોરન્સ
- લિબર્ટી જનરલ ઇન્શ્યોરન્સ
- મેગ્મા HDI
- નિવા બુપા
- કેર હેલ્થ
- રિલાયન્સ જનરલ
- એસ.બી.આઈ. જનરલ
- સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ
- ટાટા એ.આઈ.જી
- યુનિવર્સલ સોમ્પો
- એકો જનરલ
- નાવી જનરલ ઈન્સ્યોરન્સ

### પબ્લિક સેક્ટર અન્ડરટેકિંગ (PSU)

- એરફોર્સ સ્ટેશન - વડસર*
- એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા
- ભારત સંચાર નિગમ લિમિટેડ*
- **સેન્ટ્રલ ગવર્નમેન્ટ હેલ્થ સ્કિમ (CGHS)**
- દીનદયાળ પોર્ટ ઓથોરિટી
- એમ્પ્લોઈ'સ સ્ટેટ ઇન્શ્યોરન્સ કોર્પોરેશન (ESIC)* (માત્ર કર્મચારીઓ અને પેન્શનરો માટે)
- ફૂડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા
- ગેસ ઓથોરિટી ઓફ ઇન્ડિયા લિમિટેડ (GAIL)
- ગુજરાત મિનરલ્સ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC)*
- ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ કોર્પોરેશન (GSFC)
- **ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (GEB) (GUVNL, GSECL, GETCO, UGVCL, PGVCL, MGVCL, DGVCL)**
- હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન (HUDCO)
- હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL)
- ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઇઝર્સ કોર્પોરેશન (IFFCO)
- ઈન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી - ગાંધીનગર (IIT-GN)
- ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ
- **ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL)**
- **ઇન્સ્ટિટ્યૂટ ફોર પ્લાઝ્મા રિસર્ચ (IPR)**
- ઇન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશન (IRCTC)
- **ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ISRO)**
- નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન (NHSRL)
- **ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) (મહેસાણા, અમદાવાદ વગેરે,)**
- ફિઝિકલ રિસર્ચ લિમિટેડ (PRL)
- ભારતીય રિઝર્વ બેંક (RBI)
- રાજકોટ નાગરિક સહકારી બેંક (RNSB)*
- **સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)**
- **વેસ્ટર્ન રેલ્વે**

*** ટાઈ-અપ્સ મુજબ રિમ્બર્સમેન્ટ સુવિધા**

India's **New Destination** For Transplants ▪ Heart ▪ Liver ▪ Kidney ▪ Lung ▪ Paediatric BMT

# CIMS NEWS CARE & CURE

Volume-15 | Issue-167 | June 25, 2024

Marengo CIMS Hospital

CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100
Published 25th of every month
Registered under Postal Registration No. GAMC-1813/2023-2025 valid upto 31st December, 2025
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 30th to 5th of every month
Licence to Post Without Prepayment No. PMG/NG/107/2023-2025 valid upto 31st December, 2025



**If Undelivered Please Return to**

**Marengo CIMS Hospital**
Nr. Shukan Mall, Off Science City Road,
Sola, Ahmedabad-380060.
**Call : 1800 309 9999**


**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-4805 2823. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

## લોકોમાં હેલ્થ વિશેની જાગૃતતા લાવવા માટે મૈરિંગો સિમ્સ હોસ્પિટલ દ્વારા નિ:શુલ્ક મેડીકલ કેમ્પ તથા હેલ્થ એવરેનેશ સેમીનાર કરવામાં આવે છે. જેમાં વિશેષજ્ઞ ડૉક્ટર દ્વારા તપાસ કરવામાં આવે છે.



**શું તમે તમારી સોસાયટી કે શહેરમાં**
**નિ:શુલ્ક કેમ્પ કે હેલ્થ એવરેનેશ સેમીનાર કરવા માંગો છો ?**
**ફોન કરો કેતન આચાર્ય +91 98251 08257**


Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital
Printed at High Scan Pvt. Ltd., 'Hi Scan Estate', Sarkhej-Bavla Highway, Changodar. Ahmedabad-382 213.
Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.